

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

હાઈકુ

*ખોટા ધમપછાડા કરી હવે પાણીમાં બેઠું છે,*
*કરે છે ખણખોદ હવે પાક. પાણીમાં પેઠું છે.*
*પડ્યું છે હેઠું ખત્તા ખાઈ વિશ્વની નજરેથી*
*કરે છે ખોટું ગુમાન બળ તો ચીનનું એઠું છે...*

*સુજ્ઞ વાચકો -*
*મારી આંખમાં તકલીફ થઈ છે, તેથી 'સુપ્રભાતમ્'ને થોડા દિવસ વિરામ રહેશે.*
*ક્ષમાયાચના સાથે.*

*- સુરેશ પ્રા. ભટ્ટ*

### ચિંતન

*સ્વતંત્રઃ સત્યસંકલ્પઃ સત્યકામઃ સ ઈશ્વરઃ ।*
*તસ્યૈતસ્ય મહાવિષ્ણોર્મહાશક્તિહીયસઃ ॥*

**ઉપરોક્ત શ્લોક સર્વવેદાંત - સિદ્ધાંત - સારસંગ્રહમાંથી લેવામાં આવેલ છે.**

**સ્વતંત્ર, સત્યસંકલ્પોવાળા, સત્ય કામનાવાળા અને ઈશ્વર સર્વના શાસક છે, તે આ મહાવિષ્ણુ, મહાશક્તિમાન અને અતિશય મહાન છે.**

**બ્રહ્માંડમાં કંઈક-કોઈક એવું તત્વ છે જે વિશ્વનું સંચાલન કરે છે વૈજ્ઞાનિકો પણ ઉપગ્રહ છોડતાં પહેલાં શ્રીફળ વધેરે છે, દેવળોમાં પ્રાર્થના થાય છે, મસ્જિદોમાં બાંગ પૂકારાય છે - કોઈ સાંભળવનાર છે જ.**

### સુવિચાર

- કઈ ચીજને નજરઅંદાજ કરવી જોઈએ, તે જાણવાની કળા જ બુદ્ધિશાળી હોવાની નિશાની છે - **સંત રોબિન**
- તમારી આજુબાજુ થતાં ચમત્કારો જુઓ, તેના પર માલિકી ન જમાવો, તેમાં સમાયેલી કામગીરીને જુઓ અને શાંત રહો - **રૂમી**
- વિવેકનો માર્ગ કેવો છે ? એક રીતે તો એ સીધો અને સરળ છે : ભલે તમે એક પછી એક ભૂલો કરતાં જાઓ, પણ એની સંખ્યા ચોક્કસ ઓછી થશે - **પીટર હેનિન**
- કયારેય લડાઈખોર માણસની સલાહ ન લો, જે દરેક સમસ્યા માટે લડાઈને રામબાણ ઈલાજ માને છે - **અબ્રાહમ માસ્લો**
- હંમેશા પણછ ખેંચાયેલી રાખશો તો ધનુષ વહેલું ટુટી જશે - **ફ્રેડરિક નિત્શે**
- જેની પાસે વધારે શિષ્ય છે તે સાચો ગુરુ નથી, પણ જેને વધારે ગુરુને જન્મ આપ્યો તે સાચો ગુરુ છે - **ઝેન કથન**
- આજનું ઔષધ : પીપળાની છાલ બાળીને બનેલી રાખ એક ગ્રામ જેટલી ખાઈ તેના ઉપર છાશ પીવાથી આંતરડાની સફાઈ થઈ જાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એકસોથી વધુ ફિલ્મોમાં સંગીત આપનાર સચિનદેવ બર્મન. સિત્તેરમે વરસે પણ અદ્ભૂત સંગીત બનાવતા. તેમનો ઉત્સાહ અને તરવરાટ એવો હતો કે યુવાનો પણ તેમની ધૂનો ઉપર ઝુમી ઉઠતા. એક બ્રિટીશ પત્રકાર તેમનો ઈન્ટરવ્યુ લેવા આવ્યો. તેણે બર્મન દાની ઉંમરને ધ્યાનમાં રાખીને પ્રશ્ન કર્યો. 'તમને આ ઉંમરે કામનો, સતત ઊભા રહીને સ્વર નિયોજન અને રેકોર્ડિંગનો થાક નથી લાગતો ?' સચિનદાએ કહ્યું, 'થાક? અદ્ભૂત સ્વરાવલિઓ ચારે તરફ રેલાતી હોય ત્યારે થાક કેવી રીતે લાગે ? અને મારી ઈચ્છા તો સમગ્ર ભારતના લોકસંગીતને ખૂણે ખૂણેથી ભેગું કરી તેનું સ્વરબદ્ધ રેકોર્ડિંગ કરવાની છે. આવડું મોટું ધ્યેય નજર સામે હોય પછી થાકને અવકાશ જ કયાં રહે ? અંતરમાં આપોઆપ એટલો ઉમંગ ઉભરાય છે કે જેમ જેમ વધારે સ્વરધારામાં તરબોળ રહેવાનું થાય તેમ તેમ મારો ઉત્સાહ વધતો જાય છે. સતત ઉત્તમ સંગીતની સાધનામાં મને થાકનો અનુભવ જ નથી થતો. સંગીતને હું પ્રેમ કરું છું. મારું ધ્યેય ઉત્તમ સૂરાવલિ છે. ઉમંગ અને ઉત્સાહની ગંગોત્રી મારી અંદરથી જ ફુટ્યા કરે છે જે મને સતત જીવનનો જોશ આપ્યા કરે છે. આથી સતત કાર્ય કરવાની શક્તિ મળતા મને થાક જ લાગતો નથી.' બ્રિટીશ પત્રકાર પણ બર્મનદાના સંગીતનો ચાહક થઈ ગયો.

# વિચારપુરુષ મોદીનો નવો વિચાર

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશનું અર્થતંત્ર ખોરવી નાખ્યું, રિઝર્વ બેન્ક ખાલી કરી નાખી, ગરીબોના નામે દેશના પાંચ ધનિકોને જ ધરવ્યા - એવા આક્ષેપો કરતા રહેતા કોંગ્રેસ હાઈ કમાન્ડને ખુદ એના જ બૌદ્ધિક મહાનુભાવોએ ટપારીને કરવા જેવું કામ કર્યું છે. બધી બાબતોમાં મોદીનો અને એમના નેતૃત્વવાળી સરકારનો વિરોધ જ વિરોધ કરે રાખવો તે બરાબર નથી, એમની ઘણી બધી સારી બાબતો અને સિદ્ધિઓ છે - જેનાં વખાણ પણ કરવાં જોઈએ. તો જ પ્રજામાં વિપક્ષ વિશે થોડીઘણી પણ શ્રદ્ધા બચી છે તે ટકશે. આ મતલબનાં નિવેદનો કરનાર જયરામ રમેશ, શશી થરૂર અને અભિષેક મનુ સંઘવી સામે કડક કાર્યવાહી કરવી જોઈએ એવું નિવેદન વળી દક્ષિણ ભારતના નેતા, કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી વીરપ્પા મોઈલીએ કર્યું. કોંગ્રેસ કેવી વિચિત્ર મનોદશામાં મુકાઈ ગઈ છે એની આ પ્રતીતિ નથી શું ? કૂતરું તાણે ગામ ભણી અને શિયાળ તાણે સીમ ભણી - એવી દારૂણ સ્થિતિ સરજાઈ છે. મોદી તો ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી કરતાં પણ ૨૦૧૯ની ચૂંટણીમાં સવાયો દેખાવ કરી કામે લાગી ગયા છે. એમની મુખ્ય કામગીરી તો સુચારું વહીવટ અને વિકાસકાર્યો ઉપરાંત વિરોધીઓને 'ઠેકાણે' પાડવાની હોય પરંતુ એ સિવાય પણ તેઓ અવનવા રચનાત્મક કાર્યક્રમો આપતા રહે છે. એમણે 'ફિટ ઈન્ડિયા' વાળો કાર્યક્રમ આપી જે મુદ્દાની વાત કરી તે એ કે એમાં એક રૂપિયાનું રોકાણ નથી અને બોડી ફિટ હશે તો જ માઈન્ડ પણ ફિટ રહેશે. કસરત, યોગ, લિફ્ટ ને બદલે સીડીઓ ચડવી - આ બધી શિખામણ અટલ બિહારી વાજપેયી કે મનમોહનસિંહ ન આપી શકે. મોદી પોતે ફિટ છે, એટલે એ ફિટનેસની વાત કરવાનો વિશેષાધિકાર ધરાવે છે. કાશ્મીરમાં પ્રવર્તમાન ભરેલા નારિયેળ જેવી પરિસ્થિતિથી અને કથળેલી અર્થવ્યવસ્થાથી પ્રજાનું ધ્યાન હટાવવા માટે જ આવા નુસખા અજમાવતા હોય તો પણ એ આવકારદાયક તો છે જ. કેરળમાં જઈને 'મલયાલમ મનોરમા' વિશે વાત કરવી તે ગૌરવની વાત જરૂર લેખાય, પરંતુ એથી વધુ મહત્ત્વની વાત મોદી કરે છે તે - દરેક વ્યક્તિને રોજના હિસાબે આવાં અખબારો એક નવો શબ્દ શીખવે. ભારતીય ભાષાઓના વૈવિધ્ય વચ્ચે જો સૌહાર્દનું વાતાવરણ સર્જવું હોય તો મોદીની આ શિખામણ ગાંઠે બાંધી લેવા જેવી ખરી. મનોરમા ન્યૂઝ કૉન્કલેવ - ૨૦૧૯નું ઉદ્‌ઘાટન કરતાં મોદીએ માતૃભાષા સિવાયની કોઈ એક ભારતીય ભાષાનો એક નવો શબ્દ રોજના હિસાબે શીખવાનો પડકાર ફેંક્યો અને તે શશી થરૂરે ઉમળકાપૂર્વક ઝીલ્યો. એમ થતાં ભાષાઓ વચ્ચેનું વૈમનસ્ય ઘટશે અને વિવિધ રાજયોની પ્રજા એકમેકની નજીક આવશે, આત્મીયતા અનુભવશે. મોદી પાસે આઈડિયાનો ખજાનો છે, તે વાતનો તો એમના કટ્ટર વિરોધીઓ પણ વિરોધ કે ઈનકાર નહીં કરી શકે. મોદી સંસ્કારપુરુષ છે અને વિચારપુરુષ છે. એ મુદ્દે આજની તારીખમાં એમની સ્પર્ધા કોઈની સાથે નથી!

# 'આત્મા જેવું કોઈ બળ નથી'



રંગ-ઉમંગ

કાનન ઓઝા

જન્મમૃત્યુનિયત્યેકો ભુનકત્યેક શુભાડશુભમ્ ।
નરકેષુ પરત્યેક એકો યાતિ પરાં ગતિમ્ ॥

'માણસ આ સંસારમાં એકલો જ જન્મે છે અને એકલો જ મરે છે. એણે કમાયેલું ધન, મકાન, વૈભવ અને તેનું કુટુંબ અહીં જ રહી જાય છે. સંસારમાં કોઈ કોઈની સાથે આવતું કે જતું નથી. પોતે કરેલા સારા-ખરાબ કાર્યોના પરિણામ વ્યક્તિએ પોતે જ ભોગવવા પડે છે. એમાં એને કોઈ સાથ આપી શકતું નથી.'

(પાપ પુણ્ય સાથે લઈ જાય અને લાવે છે.)

માણસે આવવા - જવાનું એકલાએ, પણ તેણે કરેલા અશુભ કાર્યોથી નિર્માણ થયેલા પાપને, મનથી કરેલા અશુભ વિચાર અને વાણીની કઠોરતાથી અશુભતાથી ઉત્પન્ન થયેલા પાપ, તથા એ પાપોનું ફળ દુઃખ, તેમ જ મન, વાણી અને કર્મથી થયેલા શુભ કર્મો, ને તેને પરિણામે ઉપાર્જિત કરેલ પુણ્ય અને તેનું ફળ સુખ અને પૂજા, પાઠ, જપ, તપ, ભક્તિ, સ્વાધ્યાય, સ્વાર્થત્યાગ, પરોપકાર, દયા,દાન એ સત્ પ્રવૃત્તિનું ફળઃ તેમજ જીવમાં સદા રક્ષક બનતું ધર્માચરણ. આ તમામ ચરણ પછી માણસ સાથે લઈ જાય છે અને નવો જન્મ થાય છે. ત્યારે આમાંથી જે મૂડી બચી હોય તે સાથે લઈને આવે છે. આ માણસના જીવનમાં સુખ અને દુઃખના નિમિતો ગમે તે હોય પણ તે જ ભોગવે છે તે સુખ-દુઃખનું મૂળ કારણ તે પોતે જ છે.

સત્કર્મોથી પુણ્ય ઉપાર્જિત થાય છે અને પુણ્યથી મળે છે સુખ. પોતે સુખી હોવા છતાં માણસ પોતાને સુખી નથી માનતો. કેમ કે તેને બીજાનું સુખ પોતાના સુખ કરતા મોટું લાગે છે. આનો અર્થ તદ્દન સ્પષ્ટ એ થાય છે કે માણસ જેવાં કર્મનું વાવેતર કરશે તેવું જ પામશે. જો બાવળ વવાય તો કાંટા જ મળે અને વાગે અને આંબો વવાય તો કેરી મળે. માટે ચાણક્ય કહે છે કે,

'સત્કર્મ વાવતા રહો પણ દુષ્કર્મની વાવણી કયારે પણ ના કરો.'

માણસ એવું સમજતો હોય છે કે અંતઃ કાળે જે દાન-પુણ્ય કર્યું હશે તે તેને તારશે. પણ જો તે કાળે તેને સત્કર્મ કરવાનું સુઝે નહી તેવું બને અથવા અંતઃકાળે કરેલા પુણ્ય કરતા જીવનમાં પાપ ઘણા કર્યા હોય તો પરિણામ દુઃખનું જ આવવાનું. માટે માણસે જરા પણ આળસ કર્યા વિના સત્કર્મ કરતાં જ રહેવાનું છે, ધર્મ આચરતા જ રહેવાનું છે. માણસનો સાચો મિત્ર એ છે જે તેનું ભલુ કરે છે, તૃપ્ત કરે છે, તેને પાપ કરતા રોકે છે. દુર્ગતિમાં જવાનાં કામ કરતા રોકે છે, આ તમામ કામ ધર્મ કરે છે. માટે માણસનો સાચો અને ઉત્તમ મિત્ર 'ધર્મ' છે. ધર્મ આ લોકમાં અને પરલોકમાં સાથ આપે છે. અને સદ્‌ગતિ અપાવે છે.

માણસનો ખરો મિત્ર ધર્મ છે.

વિદ્યા મિત્રં પ્રવાસેષુ ભાર્યા મિત્રં ગૃહેષુ ચ ।
વ્યાધિ તસ્યૌર્ષધં ધર્મો મિત્રં મૃતસ્ય ચ ॥

'પરદેશમાં રહેવાવાળા માણસનો સાચો મિત્ર તેની વિદ્યા છે. ઘરમાં મિત્ર તેની પત્ની છે. બિમાર માણસનો ઔષધ મિત્ર છે, અને મૃત્યશૈયા ઉપર પડેલા માણસનો મિત્ર તેણે જીવનમાં કરેલા સત્કર્મ અને ધર્મ છે.'

ધર્મનું પાલન જેણે કર્યું હશે, તેનું પાલન ધર્મ કરે છે, જો ધર્મ કરાશે તો દુઃખના દરવાજા બંધ થઈજઈ સુખના દ્વાર કાયમ ખુલ્લા રહેશે. રાવણનું ધર્મ વિરુદ્ધનું, અન્યાયી વર્તન, સીતાહરણનું કામ, વિભિષણને અધર્મ દેખાયું, તેથી તેણે સીતાજીને રામજીની પાસે મૂકી આવવા રાવણને કહ્યું. રાવણ ન માન્યો તેથી અધર્મીને સાથ ન અપાય તેવું માનનારો વિભિષણ મોટાભાઈ રાવણ અને તેની સોનાની લંકા છોડીને શ્રીરામ પાસે ગયો. શ્રીરામે ત્યારે કહ્યું : 'તમે અન્યાયનો સામનો કરવા સગાભાઈનો ત્યાગ કરી, મોટી ક્રાંતિ કરી છે.'


એવી જ રીતે વિદુરે જયારે દુર્યોધનને અનીતિમાંથી રોકવા અને નીતિયુક્ત વર્તન કરીને પાંડવોને તેમનો ભાગ આપવા કહ્યું ત્યારે દુર્યોધનને વિદુરને કાઢવા અને વિદુર કૃષ્ણ શરણમાં ગયાં.

પણ માણસે નાની ઉંમરથી જ ધર્મ કરવો જોઈએ. કેમ કે ત્યારે શરીરમાં શક્તિ હોય તેથી કરેલો ધર્મ જીવનમાં વણાઈ જાય છે. મોટી ઉંમરે શરીર ખખડી ગયું હોય ત્યારે કરાતો ધર્મ બરાબર થાય જ નહિ, જેમ કે મૃત્યુ પામતા, રોગી કે વૃદ્ધને ધર્મવાણી સંભળાવવાનો રિવાજ જેનોમાં છે. પણ જયારે શરીરમાં પીડા થતી હોય. ભાન ઓછું હોય તેવી સ્થિતિમાં માણસ ધર્મની વાત શું સાંભળશે ?

'વરસાદ જેવું બીજું સ્વચ્છ પાણી નથી. આત્મબળ જેવું બીજું કોઈ બળ નથી, આંખોની જયોતિ જેવો બીજો કોઈ પ્રકાશ નથી અને અન્નના જેવો રુચિકર બીજો કોઈ ભોજ્ય પદાર્થ નથી.'

બગીચાની લોન, ફૂલ-છોડ અને વૃક્ષોને પાઈપથી કલાકો સુધી પાણી પાવ, પણ જો માત્ર ત્રીસ મિનિટ માટે જ વરસાદ વરસી જાય તો એ લોન, છોડ, વૃક્ષ તેનાથી વધુ તૃપ્ત થઈ પ્રફુલ્લિત થઈ જાય છે. જયારે બધાં જ બળ પાછાં પડે છે ત્યારે આત્માનું બળ કામમાં આવે છે. આત્મબળે સીતાજી રાવણની અશોકવાટિકામાં અડગ રહી શક્યા હતા. નેત્રોમાં જયોતિ હોય તો બહારનો પ્રકાશ, પદાર્થો અને વ્યક્તિઓ સારી રીતે દેખાય છે. અને અન્ન માણસને જેવી તૃપ્તિ આપે છે એવી તૃપ્તિ કોઈ પણ ભોજન આપી શકતું નથી.

# વૈશ્વિક સાહિત્યના સંશોધક અને સંપાદક : ડૉ. બળવંત જાની



ગુજરાતી સાહિત્યમાં આજે ઘણી એવી વ્યક્તિઓ હયાત છે જેમનું જે રીતે મૂલ્યાંકન થવું જોઈએ કે સન્માન મળવું જોઈએ તે રીતે તેમનું મૂલ્યાંકન કે સન્માન થતું નથી હોતું. એમાં વાડાબંધી—જૂથબંધી સહિતના અનેક કારણોમાં નહીં જતા આવા એક વ્યક્તિત્વને આજે હું નવા દષ્ટિકોણથી મૂલવવાનો પ્રયાસ કરીશ.

ડૉ. બળવંત જાનીનું નામ આજે વિશ્વભરમાં વસતા ગુજરાતીઓમાં ખૂબ જ જાણીતું છે. આપણે ત્યાં બહુ ઓછા એવા વ્યક્તિત્વો છે કે જેઓ પોતાની કલમ અને કાર્યથી જાણીતા થયા હોય, શ્રી બળવંતભાઈ પોતાની કલમ અને કાર્ય પ્રત્યેની પોતાની નિષ્ઠાથી આજે ૭૦ વર્ષની વયે પણ એટલી જ ઊર્જાથી કામ કરે છે જેટલી ઊર્જાથી તેઓ યુવા વયે કાર્ય કરતા હતા. રાજકોટ જિલ્લાના સાવ નાના એવા કમલાપુર ગામે તા. ૨૪, ઓગષ્ટ, ૧૯૫૧માં જન્મેલ આ બાળક કમળાપુર, બોટાદ, રાજકોટ અને ત્યાંથી પાટણ, ગાંધીનગર, દિલ્હી, ભોપાલ, જયપુર અને છેક અમેરિકા.. લંડન સુધી પહોંચશે એવી તો કોઈએ કલ્પના પણ નહીં કરી હોય. એક બ્રાહ્મણ પરિવારમાં જન્મ થયો હોવાથી બાળપણથી જ ઘરનું વાતાવરણ ધાર્મિક, વેદ અને શાસ્ત્રોનો અભ્યાસ, જ્ઞાન, શ્લોક, મંત્રોચ્ચારની પરંપરાને કારણે રોપાયેલ નિષ્ઠા, સેવા અને સમર્પણના સંસ્કાર આ નાના બાળકને અધ્યાપક, રીડર અને પ્રોફેસરથી અધ્યક્ષ, કુલપતિ, ચેરમેન જેવા ઉચ્ચ કોટિના પદ સુધી પહોંચીને પરિવાર, સમાજ, રાજ્ય અને રાષ્ટ્રનું ગૌરવ વધાર્યું છે.

ડૉ. બળવંત જાનીનો ઉચ્ચ અભ્યાસ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા સાહિત્ય ભવનમાં થયો અને આ જ ભવનમાં તેઓ ૧૯૭૩માં એમ.એ.ની પદવી મેળવી ચારણી સાહિત્યના હસ્તપ્રત ભંડારમાં હસ્તપ્રત નિરીક્ષક તરીકે કાર્યાવિત થયેલા. ૧૯૭૯માં આ જ ભવનમાં તેઓ ગુજરાતીના અધ્યાપક થયા. ૧૯૮૧માં પીએચ.ડી પ્રાપ્ત કરી અને પછી તેમની સાહિત્યિક સર્જન અને સંશોધન યાત્રા આજ સુધી અવિરત ચાલ્યા કરી છે. આ સાહિત્યિક યાત્રા પણ એક જ રસ્તે નહીં પણ અનેક જુદા જુદા પડાવ પાર કરીને એક વૈશ્વિક કક્ષાએ પહોંચીને ગુજરાતીને ગૌરવવંતી બનાવી છે.

આપણે ત્યા અધ્યાપન ક્ષેત્રમાં કામ કરતા મોટાભાગના અધ્યાપકો નોકરીના ભાગ રૂપે સાહિત્ય સાથે જોડાઈને યુજીસીના મેરિટ પોઈન્ટને ધ્યાનમાં રાખીને, પગાર ધોરણ અને પ્રમોશન વધારવા માટે સંશોધન — પ્રકાશન કરીને નિવૃત્ત થતા હોય છે. પરંતુ આવી તમામ બાબતોને અવગણીને નિષ્ઠાપૂર્વક સર્જન, સંશોધન, સંપાદન અને અનુવાદ ક્ષેત્રે સોથી વધુ ગ્રંથો વૈશ્વિક ગુજરાતી ભાષાને આપ્યા છે. તેમની ઓળખ ભલે "મધ્યકાલીન સંશોધક કે ડાયસ્પોરા સંપાદક " તરીકેની હોય પણ તેમણે સંશોધન ક્ષેત્રે સાહિત્યના અનેક વણસ્પર્શ્યા સ્વરૂપોમાં સફળતાપૂર્વક કામ કરીને પોતાની ક્ષમતા સિદ્ધ કરી છે.

સૌ પ્રથમ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની અનેક પ્રાચીન હસ્તપ્રતોને તેઓ સંપાદિત કરીને આપણા સુધી લાવ્યા છે. જેને કારણે આ સમયગાળામાં સંશોધન કરવા માટેના અનેક વિકલ્પો ખુલ્યા છે. તેઓએ " ભરતેશ્વર બાહુબલી રાસ ' ડૉ. હરિવલ્લભ ભાયાણી જેવા વિદ્વાન સંશોધકના માર્ગદર્શનમાં તૈયાર કરેલ સંશોધન કાર્ય છે. તો વળી ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત સમગ્ર ભાલણ સાહિત્ય પ્રકાશન યોજના અંતર્ગત " ભાલણની કાવ્યકૃતિઓ —ભાગ -૧, ૨, ૩ ખુબ જ ઉપયોગી ગ્રંથો છે. તો વળી ભાલણ કૃત " રાવિવાહ આખ્યાન " વસ્તુપાળ વિષયક રાસકૃતિઓ, મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતા, કૃષ્ણચરિત્ર મૂલક બારમાસીઓ, મીર શમ્સ કૃત રાજા ગોવરચંદનો આખ્યાન, બૃહદ કાવ્ય દોહન, બ્રહ્માનંદના કાવ્યોનું સંપાદન " રે સગપણ હરિવરનું સાચું " આ બધુ કાર્ય આજના અને આવતીકાલના અનેક સંશોધકો, અભ્યાસૂઓને ઉપયોગી નીવડશે.



મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

ગુજરાતીમાં ચારણી સાહિત્ય પર કામ કરનારા આજે બે ચાર વિદ્વાનો જ છે. આ ક્ષેત્રમાં ખૂબ ઓછું કામ થયું છે ત્યારે ડૉ. બળવંત જાનીએ આ ક્ષેત્રમાં ચારણી સાહિત્યની હસ્તપ્રતોનું સૂચીપત્ર " ચારણી સાહિત્ય પ્રદીપ " કરશનદાસ બાલિયા કૃત ચારણી કૃષ્ણભક્તિ કવિતા, પાલરવભા કૃત દુહાઓનું સંપાદન " સ્વર્ગ ભૂલાવું શામળા " ચારણ કવિ વરસડા કૃત "સુદામા ચરિત્ર, ચારણી બારમાસી કવિતા અને ફૂલ વરસડા, વખતબલંદ જેવા અનેક ચારણી ગ્રંથોનું સંપાદન કરીને પ્રસિદ્ધ કરી ચારણી સાહિત્યનો ખજાનો આપણી સમક્ષ ખૂલ્લો કર્યો છે. આ બધા ગ્રંથોના વિષયો એવા છે કે જો ડૉ. બળવંતભાઈએ આ સંશોધન સંપાદન ના કર્યુ હોત તો હજી આજે પણ આ બધુ સાહિત્ય અંધકારની ગૂફાઓમાં ક્યાંક પડી રહ્યું હોત. તો વળી આ જ ક્ષેત્રમાં તેમનું મૌલિક સંશોધન ' ગુજરાતી ચારણી સાહિત્ય વિમર્શ " ગ્રંથ સંશોધકો માટે પાયાનો બની રહે એવો છે. ઉપરાંત વહીવંચા બારોટની કાર્ય પરંપરાની ઓળખ કરાવતો " વહીવંચા બારોટ : પરિચય અને પ્રદાન " ગ્રંથ પણ સંશોધકોમાં વખણાયો છે.

આપણે ત્યાં મધ્યકાલીન સંત પરંપરા પ્રચલિત છે. અને આ સંતો દ્વારા રચિત અનેક ભજનો ગુજરાતી ભક્તિ કવિતાનો સૌથી મોટો સ્ત્રોત છે, આપણા સંસ્કારોનો ભવ્ય વારસો છે. પરંતુ એને પામવાનો કે મેળવવાનો કોઈ યોગ્ય પંથ કે પ્રવાહ નહોતો. જેને ડૉ. બળવંતભાઈએ પાચેક હજારથી વધારે ભજનોની ભાળ મેળવીને એની સૂચી " પદભજન સુચી " અકારાદિક્રમે તૈયાર કરીને સૌને ભેટ ધરી છે. આજ પરંપરા સંદર્ભે બીજા અનેક ગ્રંથો " સંતવાણી : તત્ત્વ અને તંત્ર, મૂળ રે વિનાનું કાયા ઝાડવું, ગુજરાતી સંત સાહિત્ય વિમર્શ, નારી સંતોની ભજનવાણી, ભજનભંડાર, વગેરે ગ્રંથો આપ્યા છે. આવા સંશોધન કાર્યની સાથે સાથે તેઓ વિવેચન ક્ષેત્રે પણ પ્રવૃત રહ્યા છે. ઈંદુલાલ ગાંધીની કવિતા, સુરેશ જોશી : મૂલ્યાંકન, ગદ્યનું કલા સ્વરૂપ, સાહિત્યના સંપ્રત્યયો અને સિદ્ધાંત, વિવેચનના આધુનિક અભિગમો, જેવા અનેક ગ્રંથોનું સંપાદન કરીને આધુનિક સાહિત્યમાં પણ બહુમૂલ્ય પ્રદાન કર્યું છે. તો વળી વિવેચનના અનેક લેખો લખીને આઠ દસ ગ્રંથોમાં એમણે પોતાની અભ્યાસ પ્રીતિ અને નિષ્ઠાનું દર્શન કરાવ્યું છે. તો વળી શિક્ષણ વિષયક લેખો લખીને પણ તેઓએ વિષય પ્રમાણે જુદા પાડીને ૧ ૨ જેટલા ગ્રંથોનું પ્રકાશન કરીને શિક્ષણ જગત માટે અનેક પ્રકારની નવી રીતિ — નીતિ, વિચાર અને વિમર્શ આપ્યો છે. . મધ્યકાલીન સ્વરૂપ "દોહરા" ઉપરની લેખશ્રેણી પણ અભ્યાસપૂર્ણ રહી છે.

શ્રી બળવંત ભાઈએ માત્ર સંશોધન, વિવેચન કે લોકસાહિત્ય કે સંપાદન જ નહીં પણ પોતાની અનેક વિદેશ યાત્રાઓ અને દેશના વિભિન્ન પ્રદેશોનું જે ભ્રમણ કર્યું છે. તેના અનુભવોનું ભાથું કલમ દ્વારા ગ્રંથોમાં ઉતારી પોતાની સર્જન શક્તિનો પરિચય આપ્યો છે.

ડૉ. બળવંત જાનીનું ગુજરાતી સાહિત્યમાં બીજું મહત્વનું પ્રદાન "ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય" પણ છે. મૂળ ગુજરાતી હોય અને વર્ષોથી વિદેશમાં વસતા હોય એવા અનેક નામી-નવોદિત સર્જકોની કલમોનો પરિચય આપણને કરાવ્યો છે. જેમાં બ્રિટનમાં વસતા સર્વશ્રી બળવંત નાયક, ડૉ.

**અનુસંધાન પાના નં ૭ પર**

# લહુલુહાન નઝારોં કા ઝિક્ર આયા તો, શરીફ લોગ ઉઠે દૂર જા કે બૈઠ ગયે

" મૈ જિસે ઓઢતા — બિછાતા હું, વો ગઝલ આપકો સુનાતા હું "...કવિ પોતે શું કહેવા માંગે છે અને એનું મૂળ શું છે એ બાબતે એ એકદમ ચોક્કસ છે તો સાવ સરળ શબ્દોમાં આંચકો કે આઘાતની વાત કરતા કહે છે કે " તુમ્હારે પાવ કે નીચે કોઈ જમીન નહિ, કમાલ યે હૈ કી ફિર ભી તુમ્હે યકીન નહિ "...તો સમાજની કડવી વાસ્તવિકતા તરફ આંગળી ચીંધતા સાવ સરળ શબ્દોમાં કહી દે છે કે 'લહું-લુહાન નજારો કા જીક્ર આયા તો, શરીફ લોગ ઉઠે દુર જા કે બૈઠ ગયે " આમાં શરાફતની વાત છેડનાર આ જ કવિ ઈન્સાની મજબુરીને અલગ જ શબ્દોમાં બયા કરતા લખે છે કે " જિસ તરહ ચાહો બજાઓ ઈસ સભા મેં, હમ નહીં હૈ આદમી, હમ ઝુનઝુને હૈ. " જો કે આ શેર એ વખતની પોલીટીકલ સિસ્ટમમાં અટવાયેલા મતદાર માટે વધુ લાગુ પડતો હતો. હજુ તો આ શરૂઆત છે આગળ ઉપર આ જ કવિના ભાથામાંથી એવા એવા કવિતા-તીર છૂટવાના છે કે મને ને તમને એકસાથે આશ્ચર્ય, આક્રોશ, લાચારી, મજબૂરી, વ્યંગ અને વાસ્તવિકતાના આંચકાઓ આવ્યે જ જવાના....!!! અને આવા તીરો જેના ભાથામાંથી નીકળ્યા જ કર્યા એ બીજું કોઈ નહિ પણ હિન્દુસ્તાન જેને વિદ્રોહી શાયર, યુવા ભારતનો શાયર અને દેશી ભાષામાં " કશુક ભાળી ગયેલો " શાયર ગણતું આવ્યું છે એ દુષ્યંતકુમાર છે.

આજે દુષ્યંતકુમારનો જન્મદિવસ છે પણ શબ્દોની તાકાત જુઓ કે ઉપર લખાયેલી અને હવે પછીથી લેખમાં આવનાર આવા અનેકો ચોટદાર શેર આજથી લગભગ પિસ્તાળીસેક વર્ષ પહેલા લખાયેલા હોવા છતાં આજે પણ એટલા જ પ્રસ્તુત અને પ્રખ્યાત છે. " સિર્ફ હંગામા ખડા કરના મેરા મકસદ નહીં, મેરી કોશિશ હૈ કિ યે સૂરત બદલની ચાહીએ " જી હા દુષ્યંતકુમાર હંગામો ખડો કરવા લખતો નહોતો પણ હા એ અલગ વાત છે કે એના શબ્દોમાં એવી તાકાત હતી કે હંગામો થઈ જ જતો હતો કેમકે એ કોઈને સારું લગાડવા નહિ પણ જે સાચું લાગે એ લખી શકતો હતો. " ઈસ શહર મેં તો કોઈ બારાત હો યા વારદાત, કિસી ભી બાત પર ખુલતી નહીં હૈ ખિડકિયાં ". આ એ સમય હતો જ્યારે સામાન્ય માનવી અરાજકતા, અત્યાચાર, ભ્રષ્ટાચાર અને શોષણથી ભયગ્રસ્ત હતો અને કહેવાતી લોકશાહીનાં મૂલ્યો પ્રત્યે શંકા હોવા છતાં કશું બોલી શકતો નહોતો એવા સમયે દુષ્યંતની કવિતા એ લોકોનો અવાજ બની ગયેલી. " હમકો પતા નહીં થા હમેં અબ પતા ચલા

ઈસ મુલ્ક મેં હમારી હકૂમત નહીં રહી ".... કે પછી " ભૂખ હૈ તો સબ્ર કર, રોટી નહીં તો ક્યા હુઆ, આજ કલ દિલ્હી મેં હૈ જેરે બહસ યે મુદ્દઆ."...!!!!

'મેરે દિલ પે હાથ રખ્ખો મેરી બેબસી કો સમજો, મૈ ઈધર સે બન રહા હું, મૈ ઈધર સે ઢહ રહા હું.." જેમ જેમ આ શેર વાંચતા જશો એમ એમ એક તૂટતા ઈન્સાનનું — એની બેબસીનું આબેહુબ દ્રશ્ય તમારા જહેનમાં ભજવાતું જશે. દુષ્યંતની ગઝલોમાં વિદ્રોહ, વ્યથા અને વેદના વારંવાર ઝલકતી હતી. દુષ્યંતકુમારની કવિતાઓ સામાજિક પીડા પર આકરો પ્રહાર કરતી રહી. એવું નહોતું કે આવી પીડા પર કે વ્યવસ્થાની વિરુદ્ધ કોઈએ લખ્યું નહોતું પણ જે રીતે દુષ્યંતકુમારની કલમમાંથી રૌદ્ર, આક્રોશ કે વીરરસ ટપકતો હતો એવો તો કદાચ કોઈની કલમમાંથી નહોતો જ નીકળતો એ ચોક્કસ..!! " કલ નુમાઈશ મેં મિલા વો ચીથડે પહેને હુયે, મૈને પૂછા નામ તો બોલા કી હિન્દુસ્તાન હૈ " .." સામાન કુછ નહીં, ફટે હાલ હૈ મગર, ઝોલે મેં ઉસકે પાસ કોઈ સંવિધાન હૈ. "" ગૂંગે નિકલ પડે હૈ જુબાં કી તલાશ મેં, સરકાર કે ખિલાફ યે સાજીસ તો દેખિયે " ઈન્દિરા ગાંધીની ઈમરજન્સી વખતે ઘણા લોકોએ ઘણું બધું લખ્યું, ઘણા ચુપ પણ રહ્યા પણ આ એક જ શેરથી દુષ્યંતનો આકરો પ્રહાર જુઓ : મત કહો આકાશ મેં કોહરા ઘના હૈ, યહ કિસી કી વ્યક્તિગત આલોચના હૈ. " એ જમાનો કટોકટીનો હતો, દેશમાં સળગતા આક્રોશનો હતો, લોકશાહી બચાવનો હતો...એવામાં દુષ્યંત જેવો શાયર તો શેનો ઝાલ્યો રહે..!!! ' મસ્લહમ આમેઝ હોતે હૈ સિયાસત કે કદમ, તું અભી નહિ સમજેગા તું અભી ઈન્સાન હૈ " વ્યંગના રેપરમાં દુષ્યંતકુમારનો આ તેજાબી ચાબખો હતો સિયાસત પર !!



રજવાડું

અજય ઉપાધ્યાય

પણ દુષ્યંતે આ સિવાય સામાન્ય માણસની વાચના અને વેદનાને વાચા આપતી અનેકો રચનાઓ કરી. ત્યારની દેશની હાલત અને સામાજિક વ્યવસ્થા પર ચોટદાર પ્રહારો કર્યા. "ખડે હુએ થે અલાવો કી આંચ લેને કો, સબ અપની અપની હથેલી જલા કે બૈઠ ગયે. "કે પછી " ગઝબ હૈ સચ કો સચ કહેતે નહિ વો, કુરાનો-ઉપનિષદ ખોલે હુયે હૈ " કે પછી સામાજિક વિષમતાને ઉજાગર કરતો આ એક જ શેર જુઓ, " હમ હી ખા લેતે સુબહ ભૂખ લગતી હૈ બહોત, તુમને બાસી રોટિયા નાહક ઉઠાકર ફેંક દી " કમજોર વ્યક્તિને શિકાર બનાવતી સમાજવ્યવસ્થા પર દુષ્યંતે લખ્યું કે " તુમને ઈસ તાલાબ મેં રોહુ પકડને કે લિયે, છોટી છોટી મછલીયા ચારા બનાકર ફેંક દી " સ્વાર્થ અને સત્તાના પાપે સમાજમાં થતા વિભાજનો પર દુષ્યંતનો કટાક્ષ જુઓ " આપ તો દીવાર ગિરાને આયે થે, આપ તો દીવાર ઉઠાને લગે "..!! એમની ગઝલો વાંચો અને જાણે કે સામાજિક અવ્યવસ્થા, અસહિષ્ણુતા અને અસમાનતા વિષે આપણા જ વિચારોને વાચા મળતી લાગે એટલી હદે એમના શબ્દો સરળ અને સ્ટીક છે..

દુષ્યંતની ગઝલો આવી ચોટદાર રજૂઆત સિવાય ઘણીવાર આપણને અચંબા અને આશ્ચર્યમાં પણ નાખી દે છે જેમકે જનરેશન ગેપ પરનો આ શેર વાંચો " બચ્ચે છલાંગ માર કે આગે નીકલ ગયે, રેલે મેં ફંસ કે બાપ બેચાર બિછડ ગયા " કે પછી દુઃખ-સુખ પર આ સાવ સરળ શેર જુઓ " દુઃખ કો બહુત સહેજ કે રખના પડા હમે, સુખ તો કિસી કપૂર કી ટીકીયા સા ઉડ ગયા " પણ મૂળ તો દુષ્યંત પરિવર્તનનો કવિ, ક્રાંતિનો કવિ એટલે " મૈ બેપનાહ અંધેરો કો સુબહ કૈસે કહું, મૈ ઈન નજારો ક અંધા તમાશબીન નહિ " જેવું એ જ લખી શકે. કે પછી પોતાની કવિતા જ આંદોલનનું માધ્યમ છે એવું માનતા એ લખે છે કે "મેરી જુબાન સે નીકલી તો સિર્ફ નઝમ બની, તુમ્હારે હાથ મેં આઈ તો એક મશાલ હુઈ" કે "મુજમે રહેતે હૈ કરોડો લોગ ચુપ કૈસે રહું, હર ગઝલ અબ સલ્તનત કે નામ એક બયાન હૈ"... અને આ વાત એટલી હદ સુધી સાચી છે કે આટલા વર્ષો પછી આજે પણ કોઈ પણ વિરોધ પ્રદર્શન કે રેલી માં દુષ્યંતની " કૌન કહેતા હૈ આસમાં મેં સુરાગ નહિ હો શકતા , એક પત્થર તો તબિયત સે ઉછાલો યારો " કે પછી " હો ગઈ હૈ પીર પર્બત સી પીઘલની ચાહિયે. ઈસ હિમાલય સે કોઈ ગંગા નિકલની ચાહિયે. મેરે સીને મેં ના સહી તો તેરે સિને મેં સહી,હો કહીં ભી આગ, આગ જલની ચાહિયે." કે " સિર્ફ હંગામા ખડા કરના મેરા મકસદ નહીં, મેરી કોશિશ હૈ કી યે સૂરત બદલની ચાહિયે. " કવિતાઓ અચૂક લલકારાય જ છે. એમની કવિતાઓ જાણે કોઈ આંખમાં આંખ નાખીને લલકારતુ હોય એવી છે. એમની કવિતાઓ માનો કે દરેક યુગમાં લાગુ પડે એવી છે. દુષ્યંતની મોટાભાગની રચનાઓ એમના અંતિમ સમયમાં લખાયેલી છે. એ વખતની ઉર્દુ ગઝલોના ચોકઠાંને તોડીને પણ એની સુંદરતા એમ જ રાખીને સામાન્ય માનવીની બોલચાલની ભાષામાં કહેવાયેલી દુષ્યંતની ગઝલો એકવાર વાંચો પછી વારંવાર વાંચવી ગમે એવી છે. ૪૨ વર્ષની નાની ઉમરમાં ચાલી નીકળેલા આ ક્રાંતિકારી અને પરિવર્તનશીલ કવિ — લેખક આજે પણ એટલા જ પ્રસ્તુત છે એ જ તો છે કવિતાની — શબ્દોની સાચી તાકાત...!! એમની જ અતિપ્રચલિત આ પંક્તિઓ સાથે દુષ્યંતને યાદ કરીએ 'તૂ કિસી રેલ સી ગુઝરતી હૈ, મૈં કિસી પુલ સા થરથરાતા હૂં "...!

**વિસામો :**

**"એક ચિનગારી કહી સે ઢુંઢ લાઓ દોસ્તો, ઇસ દિયે મેં તેલ સે ભીગી હુઈ બાતી તો હૈ"**